Seat No. / Enrolment No.:

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

**Diploma Engineering – SEMESTER – 4 (NEW) – EXAMINATION – Winter-2025**

**Subject Code: 4340002** **Date: 04-12-2025**
**Subject Name: Contributor Personality Development**
**Time: 02:30 PM TO 05:00 PM** **Total Marks: 70**

**Instructions:**

1. **Attempt all questions.**
2. **Make Suitable assumptions wherever necessary.**
3. **Figures to the right indicate full marks.**
4. **Use of simple calculators and non-programmable scientific calculators are permitted.**
5. **English version is authentic.**
6. **Use only OMR to answer this question paper.**

---

## Section A

*Instructions: This section has a scenario. Read carefully before answering the subsequent questions. There are 4 questions in this section. All questions are compulsory. Each question has 3 or 2 options. Choose ONLY ONE option which you consider the most appropriate and mark it on the answer sheet given to you.*

***Max Marks: 10***

*સૂચનાઓ: આ વિભાગમાં એક કેસ છે. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપતા પહેલા, કેસ ધ્યાનથી વાંચો. આ વિભાગમાં 4 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 અથવા 2 વિકલ્પો છે.* ***ફક્ત એક જ*** *વિકલ્પ પસંદ કરો જે તમને સૌથી યોગ્ય લાગે અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.*

***મહત્તમ ગુણ: 10***

Neeraj Chopra has emerged as a significant contributor in the field of athletics. His journey began with a passion for javelin throwing during his early years in Panipat, India. Despite facing injuries, he displayed exceptional dedication and trained rigorously to improve his skills.

Neeraj won a gold medal at the Tokyo 2020 Olympics, which made India proud. He goes beyond winning medals and actively supports and encourages other aspiring athletes in the country.

Off the field, Neeraj is known for his humility and focused mindset, earning respect not just for his sporting achievements but also for his sportsmanship. As a role model and contributor to Indian sports, Neeraj Chopra's journey reflects the power of determination and hard work in achieving extraordinary success.

નીરજ ચોપરા એથ્લેટિક્સના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ યોગદાનકર્તા તરીકે ઓળખાય છે. ભારતના પાણીપતમાં શરૂઆતના વર્ષોમાં ભાલા ફેંકવાના શોખથી તેમની સફર શરૂ થઈ હતી. ઇજાઓનો સામનો કરવા છતાં, તેમણે અસાધારણ સમર્પણ દર્શાવ્યું અને પોતાની કુશળતા સુધારવા માટે સખત તાલીમ લીધી.

નીરજે ટોક્યો 2020 ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું. તે મેડલ જીતવા ઉપરાંત દેશના અન્ય મહત્વાકાંક્ષી ખેલાડીઓને સક્રિયપણે ટેકો અને પ્રોત્સાહન આપે છે.

મેદાનની બહાર, નીરજ તેમની નમ્રતા અને ધ્યાન કેન્દ્રિત રાખવાની ક્ષમતા માટે જાણીતા છે, જે ફક્ત તેમની રમતગમતની સિદ્ધિઓ માટે જ નહીં પરંતુ, તેમની રમતગમત ભાવના માટે પણ આદર મેળવે છે. ભારતીય રમતગમતમાં એક રોલ મોડેલ અને યોગદાનકર્તા તરીકે, નીરજ ચોપરાની યાત્રા અસાધારણ સફળતા પ્રાપ્ત કરવામાં નિશ્ચય અને સખત મહેનતની શક્તિને દર્શાવે છે.

1. Which of these statements demonstrates Neeraj's most expanded Zone of I-CAN?
   a] "I-CAN practice religiously and consistently to gain mastery in the sport."
   b] "I-CAN continue to practice and overcome injuries."
   c] "I-CAN win all tough competitions."

૧. આમાંથી કયું વિધાન, નીરજના આઇ-કેન ના સૌથી વધુ વિસ્તરેલ ઝોનને દર્શાવે છે?
   a] "રમતમાં નિપુણતા મેળવવા માટે સતત પ્રેક્ટિસ કરવાનું આઈ-કેન."
   b] "ઇજાઓ હોવા છતાં રમતગમત ચાલુ રાખવાનું આઈ-કેન."
   c] "કઠિન સ્પર્ધાઓ જીતી શકવાનું આઈ-કેન."

2. We can say that Neeraj used a contributive approach to grow his Tree of Sustainable Success because –
   a] He seeks excellence – he wants to keep improving his javelin throw.
   b] He looks for smart strategies to win all competitions at any cost.

૨. નીરજે તેમની ટકાઉ (સસ્ટેનેબલ) સફળતાના વૃક્ષને વિકસાવવા માટે યોગદાનકર્તા અભિગમનો ઉપયોગ કર્યો કારણ કે -
   a] તેઓ શ્રેષ્ઠતા શોધે છે - તેમના ભાલા ફેંકમાં સતત સુધારો કરવા માંગે છે.
   b] તેઓ કોઈપણ કિંમતે તમામ સ્પર્ધાઓ જીતવા માટે સ્માર્ટ વ્યૂહરચના શોધે છે.

3. Shalin is a swimmer. He has been injured a few times, and this has affected his chances to qualify for the state-level competition. Which of the following options demonstrates a Creator Approach?
   a] "I can get professionals to help understand where I am going wrong and how to prevent injuring myself during practice."
   b] "My injuries are slowing me down and causing me to perform poorly. Maybe I am not fit for tougher competitions."

૩. શાલિન એક તરવૈયા છે. તે ઘણી વખત ઇજાગ્રસ્ત થયો છે અને તેની રાજ્ય સ્તરની સ્પર્ધા માટે ક્વોલિફાય થવાની તેની તકો પર અસર પડી છે. નીચેનામાંથી કયા વિકલ્પો સર્જક અભિગમ દર્શાવે છે?
   a] "હું ક્યાં ખોટું કરી રહ્યો છું અને પ્રેક્ટિસ દરમિયાન મારી જાતને ઇજા કેવી રીતે અટકાવી શકું તે સમજવા માટે હું એક્સપર્ટસની મદદ લઇ શકું છું."
   b] "મારી ઇજાઓ મને ધીમી કરી રહી છે અને તેના કારણે ખરાબ પ્રદર્શન થઇ રહ્યું છે. કદાચ હું વધુ મુશ્કેલ સ્પર્ધાઓ માટે યોગ્ય નથી."

4. Which of these best describes Contributors?
   a] Contributors take pride in whatever they do.
   b] Contributors work towards achieving their personal goals to become experts in their fields.
   c] Contributors wait for challenging times to pass.

૪. આમાંથી કયું વિકલ્પ યોગદાનકર્તાઓ નું શ્રેષ્ઠ વર્ણન કરે છે?
   a] યોગદાનકર્તાઓ જે કંઈ પણ કરે છે તેના પર ગર્વ અનુભવે છે.
   b] યોગદાનકર્તાઓ તેમના ક્ષેત્રોમાં નિષ્ણાત બનવા તેમના વ્યક્તિગત લક્ષ્યો માટે કાર્ય કરે છે.
   c] યોગદાનકર્તાઓ પડકારજનક સમય પસાર થવાની રાહ જુએ છે.

## Section B

*Instructions: There are 10 questions in this section. All questions are compulsory. Each question has 2 statements. Select ONLY ONE statement that you feel is closest to your thinking and mark it on the answer sheet given to you.*

***Max Marks: 20***

*સૂચનાઓ: આ વિભાગમાં 10 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 2 વિધાનો છે. **ફક્ત એક જ** વિધાન પસંદ કરો જે તમને લાગે કે તમારી વિચારસરણીથી સૌથી નજીક છે અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.*

***મહત્તમ ગુણ: 20***

5. Identify the statement with an I-CAN belief.
   a] "If I am not good at something, it is difficult for me to do anything about it. This is the way I am."
   b] "If I put in the right amount of effort, I can develop my skills, talents and abilities to handle any level of difficulty."

૫. આઈ-કેન માન્યતા દર્શાવતા વિધાનને ઓળખો.
   a] "જો હું કોઈ બાબતમાં સારો ન હોઉં, તો તેના વિશે કંઈપણ કરવું મારા માટે મુશ્કેલ બનશે. હું આવો જ છું."
   b] "જો હું યોગ્ય માત્રામાં પ્રયત્નો કરીશ, તો હું કોઈપણ સ્તરની મુશ્કેલીનો સામનો કરવા માટે મારી કુશળતા, પ્રતિભા અને ક્ષમતાઓ વિકસાવી શકું છું."

6. When there is a very big challenge, it is best to break it down into small steps and achieve it one by one. What kind of response is this?
   a] A Caged Response because by taking small steps, nothing big can ever be achieved.
   b] A Creator Response because it helps you accomplish big goals without getting overwhelmed.

૬. જ્યારે કોઈ ખૂબ મોટો પડકાર હોય, ત્યારે તેને નાના પગલાઓમાં વિભાજીત કરીને એક પછી એક પ્રાપ્ત કરવું શ્રેષ્ઠ છે. આ કેવા પ્રકારનો અભિગમ છે?
   a] સંકુચિત અભિગમ કારણ કે નાના પગલા લઈને ક્યારેય મોટું કંઈ પ્રાપ્ત કરી શકાતું નથી.
   b] સર્જક અભિગમ કારણ કે તે તમને દબાયા વિના મોટા લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

7. During a bus strike in the city, a taxi driver operates for longer hours because –
   a] More customers will need to reach their destinations.
   b] The customers will be ready to pay more.

૭. શહેરમાં બસ હડતાળ દરમિયાન, એક ટેક્સી ડ્રાઈવર લાંબા સમય સુધી કામ કરે છે કારણ કે –
   a] વધારે ગ્રાહકોને તેમના સ્થાને પહોંચવાની જરૂર પડશે.
   b] ગ્રાહકો વધારે પૈસા આપવા માટે તૈયાર રહેશે.

8. Which one is showing the Contributor's Approach?
   a] Raysa: "When I am asked to make a report, I will make sure that I find out who will be reading this report and what they will want to know through it."
   b] Bakul: "When I am asked to make a report, I will make sure to know how it will be evaluated and thereby, ensure getting better grades."

૮. આમાંથી કોણ યોગદાનકર્તાનો અભિગમ દર્શાવી રહ્યું છે?
   a] રાયસા - "જ્યારે મને રિપોર્ટ બનાવવાનું કહેવામાં આવશે, ત્યારે હું ખાતરી કરીશ કે આ રિપોર્ટ કોણ વાંચશે અને તેઓ તે દ્વારા શું જાણવા માંગશે."
   b] બકુલ - "જ્યારે મને રિપોર્ટ બનાવવાનું કહેવામાં આવશે, ત્યારે હું ખાતરી કરીશ કે આ રિપોર્ટ નું મૂલ્યાંકન કેવી રીતે કરવામાં આવશે અને તે દ્વારા વધુ સારા ગ્રેડ મેળવવાની ખાતરી કરીશ."

9. Soham says, "While studying for semester exams, I found out a new way to study my subjects efficiently and in a more disciplined way, which was not the case in my previous semester." What is Soham focusing on?
   a] The Fruits of Sustainable Success.

b] The Roots of Sustainable Success.

૯. સોહમ કહે છે, "સેમેસ્ટરની પરીક્ષા માટે તૈયારી કરતી વખતે મને મારા વિષયોનો અભ્યાસ કરવાની નવી અને વધુ શિસ્તબદ્ધ રીત મળી, જે પહેલા સેમેસ્ટરમાં નહોતી." સોહમ શેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે?

a] ટકાઉ સફળતાના ફળો.

b] ટકાઉ સફળતાના મૂળ.

10. Who is choosing a Changemaker pathway in their career?

a] A student volunteer who participates in local awareness campaigns occasionally.

b] A teacher who continuously questions the methods of teaching, learning and assessing students to find new answers.

૧૦. તેમની કારકિર્દીમાં ચેન્જમેકર માર્ગ કોણ પસંદ કરી રહ્યું છે?

a] એક વિદ્યાર્થી સ્વયંસેવક, જે ક્યારેક ક્યારેક સ્થાનિક જાગૃતિ અભિયાનમાં ભાગ લે છે.

b] એક શિક્ષક, જે નવા જવાબો શોધવા માટે વિદ્યાર્થીઓને શિક્ષણ, શીખવાની અને મૂલ્યાંકન કરવાની પદ્ધતિઓ પર સતત પ્રશ્નો ઉઠાવે છે.

11. As a Contributor, which of these statements do you agree with?

a] "It is better to avoid challenges that seem difficult from the start."

b] "If I attempt something difficult, I might discover strengths I didn't know I had."

૧૧. એક યોગદાનકર્તા તરીકે, તમે આમાંથી કયા વિધાન સાથે સહમત છો?

a] "શરૂઆતથી જ મુશ્કેલ લાગતા પડકારોને ટાળવું વધુ સારું છે."

b] "જો હું કંઈક અઘરું કરવાનો પ્રયાસ કરું, તો મને એવી શક્તિઓ મળી શકે છે, જે મને ખબર નહોતી કે મારી પાસે છે."

12. The best school is one where –

a] The principal and school management are exceptionally supportive of the teachers and pay the teachers well.

b] All teachers, principals, and non-teaching staff are willing to work well as a team.

૧૨. શ્રેષ્ઠ શાળા એ છે જ્યાં –

a] આચાર્ય અને શાળા વ્યવસ્થાપન શિક્ષકોને સારી મદદ આપે છે અને સારો પગાર પણ આપે છે.

b] બધા શિક્ષકો, આચાર્ય અને બિન-શિક્ષણ સ્ટાફ એક ટીમ તરીકે મળીને કામ કરવા તૈયાર છે.

13. When asked to work on the same job profile even after many years, Adah could choose to –

a] Speak to her manager and wait for new things to work on so that she can get diverse experiences.

b] Find ways to challenge herself, deepen her understanding of the subject and make it more interesting for herself.

૧૩. જ્યારે ઘણા વર્ષો પછી પણ એક જ જોબ પ્રોફાઇલ પર કામ કરવાનું કહેવામાં આવે, ત્યારે અદાહ –

a] પોતાના મેનેજર સાથે વાત કરી શકે છે અને નવા કામો ની રાહ જોઈ શકે છે, જેથી તેને વિવિધ પ્રકારના અનુભવો મેળવી શકે.

b] પોતાને પડકારવાના રસ્તાઓ શોધે શકે છે, વિષય પ્રત્યેની તેની સમજણને વધુ ઊંડી બનાવી અને તેને પોતાના માટે વધુ રસપ્રદ બનાવી શકે છે.

14. True or False: Contributors motivate themselves and enjoy whatever work they do.

a] False – they end up with more work and don't enjoy doing it.

b] True – they enjoy doing their work and often proactively take on more work.

૧૪. સાચું કે ખોટું - યોગદાનકર્તાઓ સ્વ-પ્રેરિત હોય છે અને તેઓ જે પણ કાર્ય કરે છે તેનો આનંદ માણે છે.

a] ખોટું - તેમને વધુ કામ મળે છે અને તે કરવામાં આનંદ લેતા નથી.

b] સાચું - તેઓ તેમનું કામ કરવામાં આનંદ માણે છે અને ઘણીવાર સક્રિય રીતે વધુ કામ હાથમાં લે છે.

## Section C

*Instructions: This section has 5 questions. All questions are compulsory. Each question has 3 or 4 statements and 4 possible option choices. Choose ONLY ONE option (out of the 4 given) and mark it on the answer sheet given to you.*

***Max Marks: 10***

*સૂચનાઓ: આ વિભાગમાં 5 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 4 વિધાનો અને 3-4 સંભવિત વિકલ્પો છે.* આપેલા *4 માંથી,* ***ફક્ત એક જ*** *વિકલ્પ પસંદ કરો અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.*

***મહત્તમ ગુણ: 10***

15. Which of these people is choosing the Creator-Innovator pathway in their career? *(You can choose more than one statement.)*
    1. A musician who composes original songs blending different styles.
    2. A software developer who experiments with new solutions to user problems.
    3. An accountant who makes sure that rules and regulations are followed.
    4. A designer who creates designs based on popular trends.

    a] 1 & 2 b] 3 & 4 c] 2 d] 1 & 4

૧૫. આમાંથી કયા લોકો તેમની કારકિર્દીમાં સર્જક-ઇનોવેટરનો માર્ગ પસંદ કરી રહ્યા છે? *(તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)*

1. એક સંગીતકાર જે વિવિધ શૈલીઓનું મિશ્રણ કરીને મૌલિક ગીતો બનાવે છે.
2. એક સોફ્ટવેર ડેવલપર, જે યુઝરના પ્રશ્નો/સમસ્યાઓ ઉકેલવા માટે નવા ઉપાયો પર પ્રયોગ કરે છે.
3. એક એકાઉન્ટન્ટ જે એવી ખાતરી કરે કે નિયમો અને વિનિયમોનું પાલન થાય તેની ખાતરી કરે છે.
4. એક ડિઝાઇનર જે લોકપ્રિય વલણોના આધારે ડિઝાઇન બનાવે છે.

a] 1 & 2 b] 3 & 4 c] 2 d] 1 & 4

16. Your friend has failed his UPSC exam twice in a row. How can she or he continue to stay motivated? *(Rank in order of most contributive to least contributive option.)*
    1. "It is fine as s/he has five more attempts left."
    2. "S/he must identify his/her pain points and work harder next time."
    3. "S/he can change his/her strategy of studying and systematically plan his/her year."
    4. "S/he can approach a few coaching classes to seek guidance."

    a] 3-2-4-1 b] 4-3-2-1 c] 1-2-4-3 d] 2-4-3-1

૧૬. તમારા મિત્ર UPSC પરીક્ષામાં સતત બે વાર નાપાસ થયા છે. તે કેવી રીતે પ્રેરિત રહી શકે છે? *(સૌથી વધુ યોગદાનકર્તા વિકલ્પથી ઓછામાં ઓછા યોગદાનકર્તા વિકલ્પ સુધીના વિવિધ વિધાનોનો ક્રમ આપો.)*

1. "ચિંતા કરવાની જરૂર નથી કારણ કે તેની પાસે હજુ પાંચ પ્રયાસો બાકી છે."
2. "તેણે ક્યાં-ક્યાં મુશ્કેલી પડે છે તે ઓળખીને આગળની વખત વધુ મહેનત કરવી જોઈએ."
3. "તે પોતાની અભ્યાસ વ્યૂહરચના બદલી શકે છે અને પોતાના વર્ષનું વ્યવસ્થિત આયોજન કરી શકે છે."
4. "માર્ગદર્શન મેળવવા માટે તે કેટલાક કોચિંગ ક્લાસનો સંપર્ક કરી શકે છે."

a] 3-2-4-1 b] 4-3-2-1 c] 1-2-4-3 d] 2-4-3-1

17. Which of the following statements **doesn't** indicate an intent to grow one's I-CAN zone? *(You can choose more than one statement.)*
    1. "I'll take part in the coding hackathon even though I'm not confident yet."

2. “I’ll prepare so that I can pass.”
3. “I’ll join the football practice even though I’m not selected for the team yet.”
4. “I’ll avoid competitions that are challenging.”

a] 2&4 b] 1 c] 2&3 d] 1&4

૧૭. નીચેનામાંથી કયું વિધાન કોઈના આઈ-કેન ઝોનને વધારવાના ઈરાદાને દર્શાવતું **નથી**? *(તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)*

1. “મને હજુ આત્મવિશ્વાસ નથી, તો પણ હું કોડિંગ હેકાથોનમાં ભાગ લઈશ.”
2. “હું તૈયારી કરીશ જેથી હું પાસ થઈ શકું.”
3. “હું ફૂટબોલ પ્રેક્ટિસમાં જોડાઈશ, ભલે મને હજુ સુધી ટીમમાં પસંદ કરવામાં આવ્યો નથી.”
4. “હું એવી સ્પર્ધાઓ ટાળીશ જે પડકારજનક હોય.”

a] 2&4 b] 1 c] 2&3 d] 1&4

18. Which of these candidates has truly expanded their Power to Contribute as a Sports Team Captain? *(Rank the different statements in the order of most Contributive option to least Contributive option.)*
1. “I want to make sure that the sports committee considers my personal concerns.”
2. “I want to ensure that I represent the players’ and coaches’ concerns to the committee fairly and transparently.”
3. “I hope we can, as a team, find solutions to challenges faced by players, coaches, and support staff.”
4. “My aim is to ensure that the coach doesn’t face any problem while conducting practice sessions.”

a] 2-1-4-3 b] 4-1-2-3 c] 2-4-3-1 d] 3-2-4-1

૧૮. આમાંથી કયા ઉમેદવારે ખરેખર સ્પોર્ટ્સ ટીમ કેપ્ટન તરીકે યોગદાન આપવાની પોતાની શક્તિનો વિસ્તાર કર્યો છે? *(સૌથી વધુ યોગદાનકર્તા વિકલ્પથી ઓછામાં ઓછા યોગદાનકર્તા વિકલ્પ સુધીના વિવિધ વિધાનોનો ક્રમ આપો.)*

1. “હું ખાતરી કરવા માંગુ છું કે રમત સમિતિ મારી વ્યક્તિગત ચિંતાઓને ધ્યાનમાં લે.”
2. “હું ખાતરી કરવા માંગુ છું કે હું ખેલાડીઓ અને કોચની ચિંતાઓને સમિતિ સમક્ષ ન્યાયી અને પારદર્શક રીતે રજૂ કરું.”
3. “મને આશા છે કે આપણે એક ટીમ તરીકે ખેલાડીઓ, કોચ અને સપોર્ટ સ્ટાફ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોનો ઉકેલ શોધી શકીશું.”
4. “મારો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે કોચને પ્રેક્ટિસ સત્રો કરતી વખતે કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.”

a] 2-1-4-3 b] 4-1-2-3 c] 2-4-3-1 d] 3-2-4-1

19. Identify the approaches that lead to Sustainable Success in your life as a student. *(You can choose more than one statement.)*
1. Planning your semester with a focus on overall growth rather than just passing exams.
2. Agreeing to classmates’ points of view and ideas all the time.
3. Congratulating classmates when they perform well in exams or presentations.
4. Setting aside time each week to explore new subjects or skills outside your syllabus.

a] 2&3 b] 1&3 c] 3&4 d] 1&4

૧૯. વિદ્યાર્થી તરીકે તમારા જીવનમાં ટકાઉ (સસ્ટેનેબલ) સફળતાના તરફ દોરી જતા અભિગમોને ઓળખો. *(તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)*

1. પરીક્ષા પાસ કરવાને બદલે સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને તમારા સેમેસ્ટરનું યોજના બનાવવા.

2. હંમેશા સહપાઠીઓના દૃષ્ટિકોણ અને વિચારો સાથે સંમત થાવા.
3. પરીક્ષા કે પ્રેઝન્ટેશનમાં સારો દેખાવ કર્યો તે માટે સહપાઠીઓને અભિનંદન આપવા.
4. તમારા અભ્યાસક્રમની બહારના નવા વિષયો અથવા કુશળતા શોધવા માટે દર અઠવાડિયે સમય કાઢવા.

a] 2&3 b] 1&3 c] 3&4 d] 1&4

## Section D

*Instructions: There are 10 questions in this section. All questions are compulsory. Each question has 3 options. Select ONLY ONE option that you feel is the most appropriate and mark it on the answer sheet given to you.*

***Max. Marks: 30***

*સુચનાઓ – આ વિભાગમાં 10 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 વિકલ્પો છે. તમને સૌથી યોગ્ય લાગે તે **ફક્ત એક જ** વિકલ્પ પસંદ કરો અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.*

***મહત્તમ ગુણ: 30***

20. Here are three volunteers trying to encourage children to read more books. Whose approach is most Contributive?
    a] "I can donate books to the school library, so children have access."
    b] "I can run storytelling sessions to make reading enjoyable."
    c] "I can work with parents to build a culture of daily reading at home."

૨૦. અહીં ત્રણ સ્વયંસેવકો છે જે બાળકોને વધુ પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોનો સૌથી વધુ યોગદાનકર્તા અભિગમ છે?
    a] "બાળકોને ઉપલબ્ધતા મળે તે માટે હું શાળાના પુસ્તકાલયને પુસ્તકો દાન કરી શકું છું."
    b] "હું વાંચનને આનંદપ્રદ બનાવવા માટે વાર્તા કહેવાના સત્રો ચલાવી શકું છું."
    c] "હું ઘરે દૈનિક વાંચનની ટેવ વિકસાવવા માટે માતાપિતા સાથે કામ કરી શકું છું."

21. Lata has been training to sing since she was 5 years old. Recognising her talent, a college invites her to sing along with a well-known sitar player at their upcoming cultural festival. How should Lata approach this opportunity as a Contributor Professional Achiever?
    a] "I will also become popular after singing with a famous musician."
    b] "It will be a challenging experience for me, but sharing the stage with such a talented person will help me become better."
    c] "I should put in a lot of practice to sing alongside such an experienced musician. I need to make sure that my performance is flawless."

૨૧. લતા ૫ વર્ષની ઉંમરથી જ ગાવાની તાલીમ લઈ રહી છે. તેમની પ્રતિભાને ઓળખીને, એક કૉલેજ તેમને તેમના આગામી સાંસ્કૃતિક ઉત્સવમાં એક જાણીતા સિતારવાદક સાથે ગાવા માટે આમંત્રણ આપે છે. એક કન્ટ્રીબ્યુટર પ્રોફેશનલ અચીવર તરીકે લતાએ આ તકનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ?
    a] "એક પ્રખ્યાત સંગીતકાર સાથે ગાયા પછી હું પણ લોકપ્રિય બનીશ."
    b] "મારા માટે આ એક પડકારજનક અનુભવ હશે, પરંતુ આવા પ્રતિભાશાળી વ્યક્તિ સાથે સ્ટેજ શેર કરવાથી મને વધુ સારું બનવામાં મદદ મળશે."
    c] "મારે આવા અનુભવી સંગીતકાર સાથે ગાવા માટે ઘણી પ્રેક્ટિસ કરવી જોઈએ. મને વધુ પ્રેક્ટિસ કરવી પડશે અને મારી રજૂઆત ઉત્તમ રહે તેની ખાતરી કરવી પડશે."

22. Loza works as an IT Engineer - loves systems engineering and computers. If he took the career pathway of an Innovator & Creator, which kind of work would help him create the most value through his work?

a] He could develop as an IT Engineer who helps find solutions to client problems with his team.
b] He could continuously study user trends and new research to keep finding solutions where users can easily adopt technology advancements.
c] He could find ways to automate small repetitive tasks that can improve his efficiency.

૨૨. લોઝા એક આઇટી એન્જિનિયર તરીકે કામ કરે છે - તેને સિસ્ટમ્સ એન્જિનિયરિંગ અને કમ્પ્યુટર્સ ખૂબ ગમે છે. જો તે ઇનોવેટર અને ક્રિએટર તરીકે કારકિર્દીનો માર્ગ અપનાવે, તો કયા પ્રકારનું કાર્ય તેને તેના કાર્ય દ્વારા સૌથી વધુ મૂલ્ય બનાવવામાં મદદ કરશે?
a] તે એક આઇટી એન્જિનિયર તરીકે વિકાસ કરી શકે છે જે પોતાની ટીમ સાથે મળીને ક્લાયન્ટની સમસ્યાઓના ઉકેલો શોધવામાં મદદ કરે છે.
b] તે વપરાશકર્તા વલણો અને નવા સંશોધનનો સતત અભ્યાસ કરી શકે છે, જેથી તે એવા ઉકેલો શોધી શકે કે વપરાશકર્તાઓ ટેક્નોલોજીના નવા વિકાસને સરળતાથી અપનાવી શકે.
c] તે નાના-નાના વારંવાર થતા કામોને ઓટોમેટ/ સ્વયાલિત કરવાની રીતો શોધી શકે, જેથી તેની કાર્યક્ષમતા વધી શકે છે.

23. Elections are coming up, and it is the first time Karun is eligible to vote. What is the best Creator response in such a situation?
a] “I will vote for Party A in the upcoming elections because my family always votes for them.”
b] “I will vote for Party A in the upcoming elections because I have done my research and am convinced about choosing them.”
c] “I will vote for Party A in the upcoming elections because my friends have given examples of their good work.”

૨૩. ચૂંટણીઓ આવી રહી છે અને કરુણ પ્રથમ વખત મતદાન કરવા માટે લાયક છે. આવી પરિસ્થિતિમાં સર્જકનો શ્રેષ્ઠ પ્રતિભાવ શું છે?
a] “હું આગામી ચૂંટણીઓમાં પાર્ટી A ને મત આપીશ કારણ કે મારો પરિવાર હંમેશા તેમને મત આપે છે.”
b] “હું આગામી ચૂંટણીઓમાં પાર્ટી A ને મત આપીશ કારણ કે મેં મારું સંશોધન કર્યું છે અને હું તેમને પસંદ કરવા માટે ખાતરી આપું છું.”
c] “હું આગામી ચૂંટણીઓમાં પાર્ટી A ને મત આપીશ કારણ કે મારા મિત્રોએ તેમના સારા કામના ઉદાહરણો આપ્યા છે.”

24. How do you see your role as an Engineering student?
a] My role is to participate in competitions and projects that I am interested in and do my best.
b] My role is to find practical solutions to problems that people face every day.
c] My role is to pass examinations with good grades to get a well-paying job.

૨૪. એન્જિનિયરિંગના વિદ્યાર્થી તરીકે તમે તમારી ભૂમિકા કેવી રીતે જુઓ છો?
a] મારી ભૂમિકા એવી સ્પર્ધાઓ અને પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાની છે, જેમાં મને રસ હોય અને મારા શ્રેષ્ઠ પ્રયાસો કરવાની છે.
b] મારી ભૂમિકા એવી સમસ્યાઓના વ્યવહારુ ઉકેલો શોધવાની છે, જેનો લોકો દરરોજ સામનો કરે છે.
c] મારી ભૂમિકા સારા ગ્રેડ સાથે પરીક્ષાઓ પાસ કરવાની છે, જેથી સારી કમાણીવાળી નોકરી મેળવી શકાય.

25. Rami’s house is on a street that doesn’t have proper lighting. He is frustrated about the situation as it feels unsafe at night. As a Contributor, what can Rami do about it?
a] Bring it to the notice of his local neighbourhood/housing society that a complaint needs to be filed in the local municipality office for them to fix the lighting problem.
b] Call the local municipal office to find out the process to fix such a problem.
c] Take photos of the area and put them up on social media to bring attention to the problem.

૨૫. રામીનું ઘર એવી શેરીમાં છે જ્યાં યોગ્ય લાઇટિંગ નથી. તે પરિસ્થિતિ થી હતાશ છે કારણ કે તેને રાત્રે અસુરક્ષિત લાગે છે. એક યોગદાનકર્તા તરીકે, રામી તેના વિશે શું કરી શકે?
   a] તેના સ્થાનિક પડોશ/હાઉસિંગ સોસાયટીના ધ્યાન પર લાવો કે લાઇટિંગ સમસ્યાને ઠીક કરવા માટે સ્થાનિક મ્યુનિસિપાલિટી ઑફિસમાં ફરિયાદ દાખલ કરવાની જરૂર છે.
   b] આવી સમસ્યાને ઠીક કરવાની પ્રક્રિયા જાણવા માટે સ્થાનિક મ્યુનિસિપાલિટી ઑફિસને કૉલ કરો.
   c] સમસ્યા તરફ ધ્યાન દોરવા માટે વિસ્તારના ફોટા લો અને તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરો.

26. What is the best that a leader can do if she wants to develop as an Institution Builder?
   a] She can focus on creating opportunities for other people to grow so that they don't leave the institution.
   b] She can focus on developing herself as a leader in the institution to make her career more secure.
   c] She can focus on building methods and practices in the institution that people can continue to use over time.

૨૬. જો કોઈ લીડર ઇન્સ્ટિટ્યૂશન બિલ્ડર તરીકે વિકાસ કરવા માંગતી હોય, તો તે શ્રેષ્ઠ શું કરી શકે છે?
   a] તે અન્ય લોકો માટે વિકાસની તકો ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે જેથી તેઓ ઇન્સ્ટિટ્યૂશન છોડી ન જાય.
   b] તે પોતાની કારકિર્દીને વધુ સુરક્ષિત બનાવવા માટે ઇન્સ્ટિટ્યૂશનમાં એક લીડર તરીકે પોતાને વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.
   c] તે ઇન્સ્ટિટ્યૂશનમાં એવી પદ્ધતિઓ અને પ્રથાઓ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે જેનો ઉપયોગ લોકો સમય જતાં ચાલુ રાખી શકે.

27. Arjun is new at his workplace and wants to get to know his colleagues, but he feels hesitant to start conversations. What will allow him to increase his I-CAN the most in this situation?
   a] By befriending one colleague and learning about others through them.
   b] By participating in team lunches or office events.
   c] By initiating and coordinating a team-building activity or knowledge-sharing session.

૨૭. અર્જુન તેના કાર્યસ્થળ પર નવો છે અને તેના સાથીદારોને જાણવા માંગે છે, પરંતુ તે વાતચીત શરૂ કરવામાં ખચકાટ અનુભવે છે. આ પરિસ્થિતિમાં શું તેના આઇ-કેન ને સૌથી વધુ વધારવાનો અવસર આપશે?
   a] એક સાથીદાર સાથે મિત્રતા કરીને અને તેમના દ્વારા બીજાઓ વિશે શીખીને.
   b] ટીમ લંચ અથવા ઓફિસ ઇવેન્ટ્સમાં ભાગ લઈને.
   c] ટીમ-નિર્માણ પ્રવૃત્તિ અથવા જ્ઞાન-શેરિંગ સેશન શરૂ કરીને સંકલન કરીને.

28. Adarsh has received an offer letter for a course in Big Data Analytics at one of the top colleges in India. How should he think about this offer?
   a] "Will this course help me learn analytical skills?"
   b] "Will this course help me apply the knowledge in diverse fields?"
   c] "Will I get a well-paying job after this course?"

૨૮. આદર્શને ભારતની ટોચની કૉલેજોમાંની એકમાં બિગ ડેટા એનાલિટિક્સના કોર્સ માટે ઓફર લેટર મળ્યો છે. તેને આ ઓફર વિશે શું વિચારવું જોઇએ?
   a] "શું આ કોર્સ મને એનાલિટિકલ કૌશલ્ય શીખવામાં મદદ કરશે?"
   b] "શું આ કોર્સ મને વિવિધ ક્ષેત્રોમાં જ્ઞાનનો ઉપયોગ કરવામાં મદદ કરશે?"
   c] "શું આ કોર્સ પછી મને સારા પગારવાળી નોકરી મળશે?"

29. Which of the following would be a Creator Response while organising a community event?

a] “I would take responsibility to explore creative formats and involve more people to make the event impactful.”

b] “I would sign up for every small task so that I am part of the event.”

c] “I would wait until others finalise the plan and then join in.”

૨૯. સમુદાય કાર્યક્રમનું આયોજન કરતી વખતે નીચેનામાંથી કયો સર્જક અભિગમ હશે?

a] “હું સર્જનાત્મક ફોર્મેટ્સ/ રીતો શોધવાની અને વધુ લોકોને સામેલ કરવાની જવાબદારી લઇશ જેથી કાર્યક્રમ વધુ પ્રભાવશાળી બને.”

b] “હું દરેક નાના કાર્ય માટે સાઇન અપ કરીશ જેથી હું કાર્યક્રમનો ભાગ બની શકું.”

c] “હું, અન્ય લોકો યોજનાને અંતિમ સ્વરૂપ આપે ત્યાં સુધી રાહ જોઇશ અને પછી જોડાઇશ.”

**********